ફોજદારી કેસ નંબર

PAYMENT SATLMENT 13-7

**<u>–: આંક–૧ લગત હુકમ :–</u>**

(૧) ફરિયાદી દ્બારા ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ ૨૦૦૭ ની કલમઃ૨૫ મુજબ સદર ફરિયાદ કરવામાં આવેલ, જે ફરિયાદને અનુસંધાને સને ૨૦૧૧ માં આરોપી સામે પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલ જેના અનુસંધાને આરોપીને સમન્સ આર.પી.એ.ડી. મારફતે બજવણી કરવામાટે હાથોહાથ મોકલવામાં આવેલ. જે અન્વયે હુકમ કરેલ પરંતુ સદર કામે આજદીનસુધી આરોપીને સમન્સની બજવણી થયેલ નથી તેમજ સદર કામે ફરિયાદી પોતે હાજર પણ રહેતા નથી. જેથી સદર કેસ ડોરમેન્ટ રજીસ્ટરે દાખલ કરવામાં આવેલ.

(૨) સદર કેસ ડોરમેન્ટ રજીસ્ટરે દાખલ કરવામાં આવેલ ત્યારબાદ પણ ફરિયાદી પોતે હાજર રહેતા નથી તેમજ આરોપીને નવો સમન્સ કઢાવવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી જે સંજોગોમાં આ કામના ફરિયાદી સદર ફરિયાદ આગળ ચલાવવામાં કોઈ રસ ધરાવતા ન હોય, તેમજ નવો સમન્સ કઢાવાવ કોઈ કાર્યવાહી કરતા ન હોય, જે સંજોગોમાં સદર ફરિયાદ ફરિયાદીની ગેરહાજરીના કારણે તેમજ ફરિયાદીના કસુરના કારણે કાઢી નાખવા સીવાય બીજો કોઈ વિકલ્પ ન હોય જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

ફરિયાદી દ્બારા રજુ કરવામાં આવેલ સદર ફરિયાદ ફરિયાદીની ગેરહાજરીના કારણે કાઢીનાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ મેજીસ્ટ્રેટ તરીકેની સ્પે. સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૩.૭.૨૦૧૯**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

-